આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને શેરમુડી લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: VKY-2022-289-P,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૯/૨૦૨૨.

વંચાણે લીધા :

(૧) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગરનો તા.૧૦/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજન/૦૧/ખ/૧૫૧/૨૦૨૨.

(૨) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગરનો તા.૧૧/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજન/૦૧/ખ/૧૬૫/૨૦૨૨.

પ્રસ્તાવના :

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ખાંડ સહકારી મંડળીઓને પ્રોત્સાહન મળી રહે અને આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિનાં ખેડૂતો પણ તેઓએ ધારણ કરેલ જમીનમાં શેરડીનું વાવેતર કરે અને ખાંડ સહકારી મંડળીમાં સભાસદ તરીકે દાખલ થાય તે જરૂરી છે. અનુસૂચિત જનજાતિનાં ખેડૂતો પાસે જમીનનું પ્રમાણ ઓછું હોવાથી તેમજ તેઓની ખાંડ સહકારી મંડળીના શેર ખરીદવાની આર્થિક સધ્ધરતા ન હોવાથી તેઓ ખાંડ સહકારી મંડળીના શેર ખરીદી શકતા નથી.

આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી મંડળીઓમાં અનુસૂચિત જનજાતિનાં ખેડૂતો, સભાસદ બને તે માટે ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના પત્રથી ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગર દ્વારા આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને શેરમૂડી લોન આપવા માટેની રૂ.૧૦૦૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ. જે ધ્યાને લેતાં ઉક્ત રૂ.૧૦૦૦.૦૦ લાખ(અંકે એક હજાર લાખ પુરા)ની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

-: ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ખેડૂતોને સહાય માટે ખાંડ મંડળીઓને શેરમૂડી લોન આપવા માટેની રૂ.૧૦૦૦.૦૦(અંકે એક હજાર લાખ પૂરા) લાખની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આદિજાતિ વિસ્તારમાં આવેલ નવા બાંધકામ હેઠળની ખાંડ સહકારી મંડળીના કાર્યક્ષેત્રમાં રહેતા અને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, તેના નિયમો અને ખાંડ સહકારી મંડળીના પેટાનિયમની વિગતે સભાસદ તરીકે દાખલ થવાને પાત્ર અનુસૂચિત જનજાતિના વ્યકિતઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) ખાંડ સહકારી મંડળીએ આવા અનુસૂચિત જનજાતિના વ્યકિતઓની તેના પેટાનિયમની વિગતે સભાસદ તરીકે દાખલ થવાની અરજી મેળવવાની રહેશે.

(૩) ખાંડ સહકારી મંડળીએ તેના પેટાનિયમમાં દર્શાવેલ દાખલ ફી ની રકમ આવા અનુસૂચિત જનજાતિના વ્યકિત પાસેથી લેવાની રહેશે.

(૪) ખાંડ સહકારી મંડળીના પેટા નિયમમાં દર્શાવેલ એક શેરની રકમ જેટલી જ રકમ અનુસૂચિત જનજાતિના વ્યક્તિદીઠ શેરમુડી લોન તરીકે મંજૂર કરવાની રહેશે. ખાંડ સહકારી મંડળીના અનુસૂચિત જનજાતિના જે સભાસદો દ્વારા શેરની રકમ અંશતઃ ભરપાઇ થયેલ હોય તેઓને પણ તેઓનો ભરપાઇ કરવાની બાકી શેરની રકમ લોન તરીકે આપી શકાશે.

(૫) શેરમૂડી લોન લેનાર ખેડૂત સભ્યએ શેરમૂડી લોન મંજુર થયા તારીખથી બે વર્ષ મોરેટોરીયમ પીરીયડ બાદ ત્રીજા વર્ષથી પ્રથમ હપ્તો ખાંડ સહકારી મંડળીને ચૂકવવાનો રહેશે. શેરમૂડી લોનની રકમ ૧૦ સરખા વાર્ષિક હપ્તામાં ખાંડ સહકારી મંડળીએ વ્યાજ સહીત રાજ્ય સરકારશ્રીમાં ભરવાની રહેશે. પ્રથમ હપ્તાની સાથે ૨ વર્ષના મોરેટોરીયમ પીરીયડનું ભરવાપાત્ર સાદું વ્યાજ પણ ભરપાઈ કરવાનું રહેશે.

(૬) ખાંડ સહકારી મંડળીએ શેરમૂડી લોનની રકમ પર વાર્ષિક ૧% સાદું વ્યાજ રાજ્ય સરકારશ્રીમાં ભરવાનું રહેશે.

(૭) ખાંડ સહકારી મંડળીએ શેરમૂડી લોનના હપ્તાની રકમ સમયસર ભરપાઈ નહી થયેથી ૧% દંડનીય વ્યાજ રાજ્ય સરકારશ્રીમાં ભરવાનું રહેશે.

(૮) શેરમૂડી લોન લેનાર ખેડુત સભ્ય લોન નિયત સમયમાં ભરપાઈ ન કરે તો તે રકમની વસુલાત કરવાની જવાબદારી ખાંડ સહકારી મંડળીની રહેશે.

(૯) શેરમૂડી લોન લેનાર ખેડુત સભ્યએ શેરડી રોપાણની બાહેધરી ખાંડ સહકારી મંડળીને આપવાની રહેશે.

(૧૦) શેરમૂડી લોન લેનાર ખેડુત સભ્યને શેરડીનું રોપાણ પ્રાયોરીટીનાં ધોરણે આપવાનું રહેશે.

(૧૧) શેરમૂડી લોનનાં હપ્તાની રકમ ખાંડ સહકારી મંડળીએ શેરમૂડી લોન લેનાર ખેડુત સભ્યની આવેલી શેરડીનાં પેમેન્ટમાંથી કાપીને વસુલ કરી શકશે.

(૧૨) શેરમૂડી લોન લેનાર ખેડૂત સભ્ય અનુસૂચિત જનજાતિનો હોવા અંગે જ તે ખાંડ સહકારી મંડળીએ ખરાઈ કરવાની રહેશે.

(૧૩) ખાંડ સહકારી મંડળીએ શેરમૂડી લોનની રકમ મેળવવા માટે જરૂરી ઠરાવ, આધારો સહિતની દરખાસ્ત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને રજુ કરવાની રહેશે.

(૧૪) જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા દરખાસ્તની સંપુર્ણપણે ચકાસણી કરી, સ્પષ્ટ ભલામણ સહીત ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

(૧૫) શેરમૂડી લોન આપવા માટે આદિજાતિ વિસ્તારની સહકારી ખાંડ મંડળીઓની પસંદગી, નક્કી થયેલ Parameters મુજબ પારદર્શક રીતે કરવાની રહેશે.

(૧૬) સહકારી ખાંડ મંડળીઓની આખરી પસંદગી માટે નાણા વિભાગ અને સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૭) રાજ્ય સરકારશ્રી દ્વારા આવી દરખાસ્ત મંજુર થયેથી તેની ગ્રાંટ ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને હવાલે મુકવાની રહેશે. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ તેમના હવાલે મુકવામાં આવેલ ગ્રાંટ સબંધિત જીલ્લાના જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને છૂટી કરવાની રહેશે.

(૧૮) ઉપાડ અને વહેચણી અધિકારી તરીકે સબંધિત જીલ્લાના જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓએ કામગીરી કરવાની રહેશે.

(૧૯) એ. જી. પારા ઉપસ્થિત થયેથી તેનો નિકાલ કરવાની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, ખાંડ નિયામકની કચેરી, ગાંધીનગર તેમજ સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓની રહેશે.

(૨૦) આ અંગેનાં હિસાબો ખાંડ સહકારી મંડળીએ શેરમૂડી લોન રજીસ્ટર બનાવી, તેમાં શેરમૂડી લોન લેનાર સભ્યના વ્યક્તિગત હિસાબોની નોંધ કરી રાખવાનાં રહેશે અને તેનું વૈધાનિક ઓડીટર પાસે ઓડીટ કરાવી, સબંધિત જીલ્લાના જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને રજુ કરવાનું રહેશે.

(૨૧) શેરમૂડી લોનની રકમ જ્યાં સુધી પુરેપુરી (દંડનીય વ્યાજ સહીત) ભરપાઈ ન થાય ત્યાં સુધી શેરમૂડી લોન લેનાર સભ્યનો શેર વેચાણથી ટ્રાન્સફર થઇ શકશે નહિ.

(૨૧) ખાંડ સહકારી મંડળીનું કારખાનું નિયત સમયમાં ચાલુ નહિ થાય તો શેરમૂડી લોન લેનાર ખેડૂત સભ્ય પાસેથી શેરડીનું વાવેતર કરાવી તે વાવેતર નજીકની કાર્યરત ખાંડ સહકારી મંડળીમાં આપી શેરમૂડી લોનની રકમની વસુલાત તેમાંથી કરવાની જવાબદારી ખાંડ સહકારી મંડળીની રહેશે.

(૨૨) શેરમૂડી લોન લેનાર સભ્યની શેરમૂડી લોનની રકમ સંબધિત ખાંડ સહકારી મંડળીના ખાતામાં જમા આપવાની રહેશે.

(૨૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૪) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૫) યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૭) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૩૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૩૨) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૯૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬-આયોજન, મુખ્ય સદર-૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૦૧-વીકેવાય-૬૧: જુદા જુદા શૈક્ષણિક અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે લોન આપવાની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૦૯/૨૦૨૨ની નોંધથી તથા સરકારશ્રીની તા.૨૧/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, બ્લોક નં.૮/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.